# અરવલ્લી જિલ્લા વીએચપી દ્વારા ગાજણથી ૩૫ કિમી ભવ્ય શોભાયાત્રા યોજાઈ

મોડાસા, તા. ૨૯

ભગવાન શ્રી રામની જન્મ જયંતિ શનિવાર ચૈત્ર સુદ-૯ના પવિત્ર દિવસ એટલે રામનવમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ સ્વર્ણ જયંતિ અન્વયે અખિલ ભારતીય યોજના અનુસંધાને અરવલ્લી જિલ્લામાં શ્રીરામ મહોત્સવ, શોભાયાત્રા, સત્સંગ અને મંદિરથી ભવ્ય શોભાયાત્રા રામનવમી નિમિત્તે નિકાળવામાં આવી હતી. જેમાં મોડાસા તાલુકાના ૫૦ થી વધારે ગામડાઓને સાંકળી લઈ ૩૫ કિમી જેટલી લાંબી શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં રામભક્તો આ ભવ્ય શોભાયાત્રામાં જોડાયા હતા. આ શોભાયાત્રા જોડાયેલા અને ઉપસ્થિત રહેલા રામ ભક્તો માટે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય શોભાયાત્રાનું મોડાસા તાલુકાના વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ પૃથ્વીસિંહ, મંત્રીકનુભાઈ પટેલ, કિરીટભાઈ શાહ, બજરંગ દળના સંયોજક સિદ્ધાર્થસિંહ સોલંકી અને ગાજમ



(તસવીર : જય અમીન, મોડાસા)

મહાઆરતી જેવા કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મોડાસા તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કિલોમીટર લાંબી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ મોડાસા તાલુકા દ્વારા આજે સવારે ૯ કલાકે મોડાસા તાલુકાના ગાજણ ગામના ગાજેશ્વરી માતાના ગાજણના ગાજેશ્વરી માતાના મંદિરથી નિકળીને સાયરા, હફસાબાદ, દેવરાજ, સબલપુર, લીંભોઈ, બાકરોલ, વાઘોડીયા જીતપુર જેવા મુખ્ય ગામડાઓને સાંકળીને ફરીને બપોરના સમયે મોડાસા નવી આરટીઓ કચેરી નજીક આવેલા હનુમાનજી મંદિરમાં રામયજ્ઞ દ્વારા પૂર્ણાહુતી કરી શોભાયાત્રામાં ગામના સરપંચ અમૃતસિંહ તેમજ ગાજણ ગામના ગ્રામજનોએ આયોજન કર્યુ હતુ.. શોભાયાત્રામાં હાજર રહેલા રામભક્તો અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો બજરંગદળના કાર્યકરો અને મોડાસા પ્રખંડ દૂર્ગાવાહિના કાર્યકરોને ઉત્તર ગુજરાત વિશ્વ હિન્દુ પરિષદના સહમંત્રી જયંતિભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

## અલવા ગામે વીજ કરંટથી યુવાનનું મોત

અરવલ્લી જિલ્લાના વડાગામ પાસે અલવા ગામે ફુલબાઈ માતાજીના મંદિરનું નવનિર્માણ કામ ચાલી રહ્યું છે. જેમાં ભોંયતળીયે



ટાઈલ્સ નાંખવાની કામગીરી કરી રહેલા યુવાન લક્ષ્મણસિંહ દીપસિંહ રાઠોડને અચાનક મશીનમાંથી વીજ કરંટ લાગતા ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. મંદિરની બાજુમાં રહેતા પ્રતાપજી મંગાજીને ઘટનાની જાણ થતાં તેમણે ધનસુરા પોલીસસ્ટેશને જાણ કરી હતી. પોલીસે અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભિલોડા મહાકાલી માતાના મંદીરમાં નવચંડી હવન યોજાયો

ભિલોડા,તા.૨૮

ભિલોડા હાથમતી નદી કિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાના મંદીરમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે ચૈત્ર સુદ નોમના દિવસે નવચંડી હવન યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, દબદબાભેર, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. ચૈત્ર સુદ નોમના દિવસે યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે ૭:૦૦ વાગ્યાના સુમારે નવચંડી હવનમાં શ્રીફળ હોમી નવચંડી હવનની પુર્ણાહુતી યોજાઈ હતી. શ્રી મહાકાલી માતાજીના મંદીરમાં દર્શનાર્થે ભારે માનવમેદની ઉમટી હતી. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. શ્રી મહાકાલી સેવા ટ્રસ્ટ, ભિલોડા ટ્રસ્ટી ભરતભાઈ સી.ત્રિવેદી તેમજ સેવાભાવી સામાજીક કાર્યકરો, ગ્રામજનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભિલોડા તાલુકાના રંગપુર ગામે સ્વજલધારા યોજના છતાં પાણી વગર ટળવળતા કુટુંબો

## ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં પાણી પીવા મળતું નથી : જૂથ પાણીમાંથી ચોરી કરીને પાણી લેનારા અને રક્ષણ અપાય છે

ઈસરી, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના રંગપુર ગામે ૨૦૧૨માં સ્વજલધારા યોજના અન્વયે રંગપુર ગામના તમામ મકાન માલિકોએ નળ કનેક્શન માટે રૂપિયા ૫૦૦ ભર્યા હતા. આખા ગામમાં પાઈપલાઈન તેમજ નળ કનેક્શન નાખેલ પરંતુ પાણી સમિતિ રંગપુરના સભ્ય રંજનબાના જણાવ્યા મુજબ તેમના પાડોશીઓ ગીરીરાજસિંહ જાડેજા, જીતેન્દ્રસિંહ, બલવંતસિંહ તથા મનહરસિંહ શિવસિંહે ફળીયામાં ૨૦ ફૂટની પાઈપલાઈન જે નાખેલી હતી તે કાઢી ચોરી ગયેલ જે અંગેની ફરિયાદ શામળાજી પોલીસ સ્ટેશને તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ કરેલ અને મામલતદાર ભિલોડા ખાતે પણ ૨૮-૧૦-૨૦૧૩ના રોજ ફરિયાદ કરેલ છે.

રંગપુર ગામમાં તમામ ઘરોમાં નળ કનેક્શન આપી પાણી આપવામાં આવે છે પરંતુ ગામના ભારતસિંહ જસવંતસિંહ જાડેજા, કનકસિંહ જસવંતસિંહ જાડેજા, મદનસિંહ જસવંતસિંહ જાડેજા અને સંજયસિંહ કાળુસિંહ જાડેજાએ તા. ૩૧-૧૦-૨૦૧૩ના રોજ અરવલ્લી જિલ્લા કલેટર કચેરીમાં સ્વજલધારા યોજનાની પાઈપલાઈન પોતાના ઘરો સુધી નાંખવા વિનંતી કરી હતી. અહીં નળ કનેક્શનની પાઈપલાઈન ૧૦થી ૧૫ ફીટની પાઈપોની આરોપીઓએ ચોરી કરેલ છે. જેમની વિરૂદ્ધમાં પણ ફરિયાદ કરેલ છે. ગામના કેટલાક માથાભારે વ્યક્તિઓ આ ફળીયા સુધી ગામના કેટલાક માથાભારે વ્યક્તિઓ આ ફળીયા સુધી પાઈપ લાઈન આવવા દેતા નથી. આ ગામના અસરગ્રસ્ત રહીશો છેલ્લા બે વર્ષથી પાણી વિના ટળવળે છે. ન્હાવા, દોવા-કપડાં ધોવા-ઢોર ઢાંકરને પાવા પાણીની મોટી જરૂરિયાત છે. છતાં બધાની લાઈનો માટે ૫૦૦ રૂ. ભર્યા છતાં ભારોભાર અન્યા થઈ રહ્યો છે. આ અંગે સ્વજલધારા સમિતિ અને પાણી પુરવઠા દ્વારા તમામ ઘરને કનેક્શન આપવામાં પણ ઠાગાઠૈયા થવાથી અરજદારો જીવના જોખમે ગામમાં પાણી વગર જીવે છે. તાલુકા-જિલ્લામાં રજુાત અને પોલીસ સ્ટેશને ફરિયાદ છતાં ન્યાય ન મળતા હવે ઢોરને જીવાડવા ક્યાં જતા રહેવુ તે ચિંતાનો વિષય બન્યો છે. જિલ્લા કલેક્ટર મોડાસા મામલતદાર ભિલોડા ટી.ડી.ઓ. ભિલોડાને વારંવાર અરજીઓ કરવા છતાં નિયમને ઘોળીને પી જનારા લોકો પાણી પાઈ તો શકતા નથી અને લુસડીયા જૂથ પાણી યોજનામાંથી ગેરકાયદેસર પાણી મેળવી હોજ ભરે છે છતાં કોઈ પુછતું જ નથી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લા ના મોડાસા, માલપુર, બાયડ, મેઘરજ, ધનસુરા ખાતે આજરોજ ધાધુમપુર્વક ભગવાન શ્રી રામ નો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો હતો તમામ તુકાઓ માં ગામડે ગામડે ભગવાન શ્રી રામ ના જન્મદિન પ્રસંગે શોભાયાત્રા ઓ કાઢવામાં આવી હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં માલપુર રોડ પર આવેલ સાંઈમંદીર ખાતે આજે પ્રતીષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો આજે ભગવાન રામ નો ૯૭૯ મો જન્મદિવસ મનાવામાં આવ્યો હતો ભગવાન રામ ૨૧.૯૬ હજાર વર્ષ પહેલા જન્મયા હતા અને ભગવાન રામ ને બધાજ નામે ઓળખવામાં આવે છે રામ,શ્યામ,સાંઈરામ આમ જુદા જુદા નમોની ભગવાન રામ ને ઉપમા મળેલી છે મોડાસા માં આજે સાઈરામ નો ૨૨ મો પાટોત્સવ ઉજવવા માં આવ્યો હતો જેમાં રાજસ્થાન ના ઉદેપુરથી ૭૧ કીલો માવાની કેક મંગાવી સાંઈરામ ની આરતી કર્યા બાદ મંદરીના પુજારી ધ્વારા કેક કાપી ભગવાન ને પ્રસાદ ની ભેટ ધરવામાં આવી હતી. જાયરે આ પ્રસંગે મોડાસા શહેર માં વિશ્વ હિન્દુ પરીષદ ધ્વારા સવારે ૯ કલાકે એક શોભાયાત્રા પણ યોજવામાં આવી હતી આ શોભાયાત્રા ૧૦ જેટલા ગામો મા ફેરવવા માં આવી હતી જમાં હજારો ની સંખ્યા માં લોકો જોડાયા હતા આ રેલી બપોરે ૧૨ કલાકે ગાજણ ગામે આવેલ હનુમાનજી ના મંદિર ખાતે આવીને રામજ્ઞાન સાથે પુર્ણાહુતી કરવામાં આવી હતી.

## ભિલોડામાં રામ નવમીની ઉત્સાહભેર ઉજવણી

ભિલોડા,તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, વિજયનગર, શામળાજીમાં શ્રી રામ નવમીના પાવન પર્વની આનંદ ઉત્સાહભેર અને ભક્તિભાવપુર્વક ભવ્યાતિભવ્ય ઉજવણી યોજાઈ હતી. આ મહાપર્વ નિમિત્તે ભિલોડા શ્રી લક્ષ્મીનારાયણ મંદીર, ચોકલી ચોક પાસેથી મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બેન્ડવાજાની સાથે-સાથે સંગીતની શુરાવલી વચ્ચે શોભાયાત્રા ભિલોડાના વિવિધ માર્ગો ઉપર ફરી શ્રી લક્ષ્મીનારાયણ મંદીર ચોકમાં શોભાયાત્રા પરત ફરી હતી.શ્રી રામચંદ્ર ભગવાનની શોભાયાત્રામાં અબીલ-ગુલાલ, કંકુની છોળો ઉડતી હતી. ભાવિક ભક્તો ભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા. રામ લક્ષ્મણ જાનકી... જય બોલો હનુમાન કી... જયઘોષના ગગનભેદી નારાઓથી ભિલોડાનગર ગુંજી ઉઠ્યું હતું.

# મોડાસામાં જિલ્લા યુવા વર્ગ માટે પ્રાથમિક સારવારના વર્ગોની શરૂઆત

મોડાસા, તા.૨૮

અરવલ્લી જિલ્લામાં થોડા સમય પહેલાં જ અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની શરૂઆત જિલ્લાના પૂર્વ કલેકટર બી.જે. ભટ્ટના અધ્યક્ષ સ્થાન હેઠળ પ્રારંભ કરાય છે. માનવ સેવા માટે અને બ્લડ ડોનેશન માટે જાણીતી ઈન્ડીયન રેડ ક્રોસ શાખાની શરૂઆત જિલ્લામાં થતાં જિલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો ત્યારે અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા મોડાસા શહેરમાં માનવીને હંમેશા ઉપયોગી એવી પ્રાથમિક સારવાર અંગેના વર્ગો શરુ કરવામાં આવતા જિલ્લાના યુવા ધનમાં આનંદ છવાયો છે.



અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં ડિપ વિસ્તારમાં પ્રાથમિક સારવાર અંગેના વર્ગોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત યુવાનોને અને પ્રાથમિક સારવાર અંગે નિષ્ણાંત તબીબો દ્વારા માહિતગાર કરાયા હતા. તેમજ પ્રાથમિક સારવાર અંગેના વર્ગોમાં અભ્યાસ કરનાર યુવાનો અને વિદ્યાર્થીઓને અત્યારના યુગમાં તબીબી સારવાર મળે તે પહેલાં દર્દીને જોખમકારક સ્થિતિમાંથી દૂર રાખી જાન જોખમમાં ન મુકાય તેવી રીતે પ્રાથમિક સારવાર આપી દવાખાના સુધી માનવીને પહોંચાડી માનવીને કઈ રીતે બચાવી શકાય તેવા ઉમદા હેતુથી યુવા વર્ગને માર્ગદર્શન આપવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર, વા. ચેરમેન ટી.બી. પટેલ, જિલ્લા ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમીન (યુનિયન બેંક પૂર્વ મેનેજર), સેક્રેટરી રાકેશ જોષી તેમજ અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સદસ્યોની હાજરીમાં પ્રાથમિક સારવાર અંગેના વર્ગોની શરૂઆત કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્માના રહેણાંક વિસ્તારમાં ચાલતો નિભાડો બંધ કરાવવા રજુઆત

ખેડબ્રહ્માની જલારામ સોસાયટી પાસે રહેણાંક વિસ્તારમાં ગેર કાયદેસર માટીના વાસણ પકવવાના નિભાડાથી પર્યાવરણમાં પ્રદૂષણ ફેલાય છે અને તે આરોગ્યને નુકશાનકારક હોવાથી આ નિભાડો બંધ કરાવવા સક્ષમ અધિકારીઓને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. ખેડબ્રહ્માની જલારામ સોસાયટીના રહીશ પ્રવિણસિંહ જે. વાઘેલાએ લેખિતમાં કરેલ રજુઆત અનુસાર જલારામ અને સાંઈનાથ સોસાયટીના વચ્ચેના ભાગમાં વસંતભાઈ પ્રજાપતિ વાસણો પકવવા માટે ગેરકાયદેસર લાકડાં તથા કોલસાનો ઉપયોગ કરી નિભાડો ચલાવે છે. સરકાર દ્વારા ફ્લાય એસ અને ચીમની સિવાયના નિભાડા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમ છતાં નિભાડો ચલાવી પર્યાવરણને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. ધુમાડાના કારણે આ વિસ્તારના રહીશો ગુંગળામણ અને ખાંસી-તાવના ભોગ બની રહ્યા છે. વસંતભાઈ પ્રજાપતિ ખેડબ્રહ્મા તાલુકાના રાજકીય અગ્રણીનું મકાન ભાડે રાખી આ પ્રતિબંધક પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. નિભાડો બંધ કરાવવા પ્રાંત અધિકારી-મામલતદાર-ચીફ ઓફીસર સહીત વન અને પર્યાવરણ વિભાગને લેખિતમાં જાણ કરી છે.



ઉનાળાએ પગ જ માંડ્યો છે ત્યાં તો ધાનેરાના દેઢા ગામમાં પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે. દૂર દૂર સુધી નાહવા-ધોવા માટે તો ઠીક પણ પીવાનું પાણી નશીબ નથી થતુ. મહિલાઓ માથે બેડા મુકીને આમ તેમ ફરીને એક બેડુ પાણી ભરી લાવે છે. ત્યારે ગ્રામજનોની ઉગ્ર માંગ છે કે ગામમાં પાણીનો નવો બોરવેલ બનાવે જેનાથી પાણીની સમસ્યાનું નિવારણ આવે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



## ખેડબ્રહ્માના પરોયામાં ઘઉં કાપવાના ઝઘડામાં હુમલો

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામની સીમમાં શુક્રવારે ઘઉં કાપવાની કામગીરી અટકાવતાં ઘઉં કાપનાર ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા અને બધા એક સંપ થઈ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ વડે એક ઈસમ તથા ચાર બાળકીઓને ઈજા પહોંચાડવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં આઠ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધાવા પામ્યો છે. પરોયા ગામની સીમમાં ઘુંના વાવેતર વાળા સર્વે નંબર ૨૩૯/૧માં રબારી પ્રભુભાઈ રેવાભાઈ તથા અન્ય સાત વ્યક્તિઓ મજુરો સાથે જઈ શુક્રવારે સવારે ઘઉંની કાપણી કરવાની શરૂઆત કરી હતી. આ સમાચાર સોનગરા ફુલજીભાઈ ભીખાભાઈને મળતાં તેઓ હાંફળા-ફાંફળા ઘઉંના ખેતરમાં પહોંચ્યા હતા અને તેમની પાછળ તેમના પરિવારની ચાર બાળકીઓ પણ ત્યાં પહોચી હતી. ફુલજીભાઈએ ઘઉં કપાવતા રબારી પ્રભુભાઈને અટકાવ્યા હતા જેથી પ્રભુભાઈ સહીત અન્ય આઠ વ્યક્તિઓ ઉશ્કેરાઈ ગયા હતા અને એક સંપ ફુલજીભાઈ સોનગરા ઉપર લાકડીઓ વડે હૂમલો કર્યો હતો. અને ફુલજીભાઈને લાકડીઓ વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

# રાજયમાં વાહનચોરી કરતી રાજસ્થાનની ગેંગના બે સાગરીતો પાલનપુરથી ઝડપાયા

## બનાસકાંઠામાંથી ૬, સુરત શહેરની ૧૪ અને પાટણ જિલ્લાની ૧ બોલેરો ગાડીની ચોરીઓનો ભેદ ઉકેલાયો : ૬ થી ૭ સભ્યો રાત્રે અંતરિયાળ રસ્તે સરહદ પાર કરી માસ્ટર કી વડે વાહન ચોરી કરી પાછા જતા રહેતા

પાલનપુર, તા.૨૮

બનાસકાંઠા જિલ્લાના પોલિસ અધિક્ષક ચિરાગ કોરડીયાની સૂચનાથી પીઆઈ એમ.બી. વ્યાસ, પીએસઆઈ જે.એચ. સિંઘન અને ટીમ દ્વારા પાલનપુરમાં વાહન ચોરી કરતી રાજસ્થાનની ગેંગના બે કુખ્યાત સાગરિતોને ઝડપી પાડયાં છે. આ બે ગુનેગારો ઝડપાતા વડગામ પંથકમાં થયેલ વાહન ચોરી સહિત જિલ્લાની ૬ તથા સુરત શહેરની અને પાટણ જિલ્લાની મળીને ગુજરાત રાજયની કુલ ૨ વાહનચોરીનો ભેદ ઉકેલાયો છે.

પાલનપુર એલસીબીને મળેલ બાતમીના આધારે તા. ૨૭ માર્ચે પોલીસ ટીમ દ્વારા નાકાબંધી કરીને મારૂતિ સ્વીફ્ટ કાર નં. જીજે ૧૨ એઈ ૪૦૯૮માંથી આરોપી નરસિંહભાઈ જોરાજી ચૌધરી (રહે. પ્રતાપપુરા, તા. સાંચોર જિ.ઝાલોર) અને રસુલભાઈ સાજનભાઈ મુસલા (રહે. હેમગુડા, તા. સાંચોર જિ. જાલોર)ની ધરપકડ કરી હતી. પ્રાથમિક પુછપરછમાં આરોપીઓએ બનાસકાંઠા જિલ્લાની ૬ બોલેરો તેમજ સુરત શહેરની ૧૪ બોલેરો અને પાટણ જિલ્લાની ૧ બોલેરો મળી રાજયની કુલ ૨૧ વાહનચોરીઓની કબુલાત કરી હતી.

પકડાયેલ આરોપીઓ સ્વીફ્ટ કાર, માર્શલ જીપ, જેવા અલગ અલગ વાહનોમાં ૬ થી ૭ની ટીમમાં રાત્રિના સમયે રાજસ્થાનથી ગુજરાતની સરહદમાં આવતા અને માસ્ટર કી વડે સેફ જણાતી ગાડીને ધક્કો મારી પહેલા મુળ જગ્યાએથી હટાવી દૂર લઈ જઈ ચાલુ કરી ટીમનો એક ઈસમ ગાડી ચલાવી લેતો. પોલીસથી બચવા આ ગેંગ અંતરિયાળ રસ્તાઓથી રાજસ્થાન સરહદ પાર કરી લેતા હતા આરોપીઓ રાજસ્થાનના સરહદી વિસ્તારના હોવાથી અંતરિયાળ રસ્તાઓથી માહિતગાર હતા અને ચોરી કરેલા વાહનો નજીવી કિંમતે વેચી મારતા જેનો ઉપયોગ મોટે ભાગે ગેરકાયદેસર કૃત્યો માટે થતો હતો.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧